શું તમે યુકેના 5.5 મિલિયન પુખ્ત વયના લોકોમાંથી એક છો હાઈ બ્લડ પ્રેશર છે અને તેની જાણ પણ નથી?

## તમારું બ્લડ પ્રેશર તપાસવાથી તમારું જીવન બચી શકે છે

હાઈ બ્લડ પ્રેશર - જેને હાયપરટેન્શન પણ કહે છે - તેમાં ભાગ્યે જ કોઈ લક્ષણો દેખાય છે અને જો સારવાર કરવામાં ન આવે તો, હૃદયરોગનો હુમલો, સ્ટ્રોક અથવા હૃદયના અન્ય રોગનું જોખમ વધે છે.

## જો તમે પાત્રતા ધરાવતા હોવ, તો બ્લડ પ્રેશરની વિનામૂલ્યે તપાસ અહીં ઉપલબ્ધ છે

હાઈ બ્લડ પ્રેશર ઘણાં વિવિધ પરિબળોને કારણે થઈ શકે છે જેનાથી તમારા હૃદયને તમારા શરીરની આસપાસ રક્ત સંચારિત કરવા માટે સખત મહેનત કરવી પડે છે. જો તમારું બ્લડ પ્રેશર ખૂબ લાંબા સમય સુધી વધારે રહે તો તેનાથી નુકસાન થઈ શકે છે.

જો સારવાર ન કરવામાં આવે તો, હાઈ બ્લડ પ્રેશર તમારી ધમનીઓને સાંકડી અને કડક બનાવે છે, જેનાથી તેમાં ચરબીયુક્ત ભરાઈ જાય છે, પરિણામે હૃદય રોગ થાય છે.

બ્રિટિશ હાર્ટ ફાઉન્ડેશનના અંદાજ મુજબ, હાઈ બ્લડ પ્રેશર 50% થી વધુ હૃદયરોગના હુમલા અને સ્ટ્રોકનું કારણ બને છે. દવા અને જીવનશૈલીમાં ફેરફારથી હાઈપરટેન્શનને નિયંત્રિત કરી શકાય છે.

## જો તમે પાત્ર છો, તો આજે જ અહીં તમારું બ્લડ પ્રેશર તપાસો

## બ્લડ પ્રેશર તપાસવામાં માત્ર 10-15 મિનિટ લાગે છે

**પાત્રતા**:

40 વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકો, કે જેમનું અગાઉ હાયપરટેન્શનનું નિદાન નથી થયું

40 વર્ષ કે તેથી વધુ ઉંમર લોકો, જો તેઓ હાઈપરટેન્શનનો કૌટુંબિક ધરાવતા હોય

તમે હાઈપરટેન્શનથી પીડિત છો અને તમારા જીપીએ તમને ફાર્મસીમાં મોકલ્યા છે

તમારા ફાર્માસિસ્ટ સાથે આજે જ બ્લડ પ્રેશરની વિનામૂલ્યે તપાસની વિશે વાત કરો

તમારા બ્લડ પ્રેશરની તપાસ કરાવ્યા પછી, તમારે આગળ શું કરવું, એ અમારા ફાર્માસિસ્ટ સમજાવશે. તમને બ્લડ પ્રેશર મોનિટર ખરીદવા માટે કહેવામાં આવી શકે છે, જેનાથી તમે તમારા રોજિંદા જીવનમાં તમારું બ્લડ પ્રેશર માપી શકો. તમને તમારા જીપી પાસે જવાનું કહેવામાં આવી શકે છે.

### શું કરવું:

1. આજે જ અમારા ફાર્માસિસ્ટ સાથે વાત કરો
2. ખાનગી કન્સલ્ટેશન રૂમમાં તમારું બ્લડ પ્રેશર તપાસો
3. તમારા પરિણામો તરત જ પ્રાપ્ત કરો
4. અમારા ફાર્માસિસ્ટ સાથે તમારા પરિણામોની ચર્ચા કરો
5. તમારું પરિણામ જાણીને મનની શાંતિ મેળવો

**મુખ્ય લાભો**:

* સક્રિય * સુલભ * ગોપનીય * મફત * આશ્વાસન આપનાર

વધુ માહિતી: એનએચએસ ઇંગ્લેન્ડ » આ ફાર્મસીમાં બ્લડ પ્રેશરની વિનામૂલ્યે તપાસ ઉપલબ્ધ છે